**GUJARAT BILL NO. 15 OF 2021.**

# THE GUJARAT FREEDOM OF RELIGION (AMENDMENT) BILL, 2021.

***A BILL***

*further to amend the Gujarat freedom of Religion Act, 2003.*

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૫.**

## ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, ૨૦૨૧.

ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના બોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) અધિનિયમ, ૨૦૨૧ કહેવાશે.

(૨) તે રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૨૦૦૩ના ગુજરાતના ૨૨ મા અધિનિયમની કલમ ૨ નો સુધારો.**

સન ૨૦૦૩નો ગુજરાતનો ૨૨ મો.

૨. ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨ માં,-

(૧) ખંડ (ક)માં, પેટા-ખંડ (૨) પછી, નીચેનો પેટા-ખંડ ઉમેરવોઃ-

"(૩) સારી જીવનશૈલી, દૈવી કૃપા અથવા અન્યથા;"

(૨) ખંડ (ધ)ને બદલે, નીચેનો ખંડ મૂકવોઃ-

"(ધ) "કપટયુક્ત સાધનો" માં ગેરરજૂઆત અથવા કોઇ કપટયુક્ત પ્રયુક્તિ, ખોટા નામ, અટક, ધાર્મિક ચિહ્નનો ઉપયોગ કરીને અથવા અન્યથા ખોટા નામધારણનો સમાવેશ થાય છે;".

સન ૨૦૦૩ના ગુજરાતના ૨૨ મા અધિનિયમ ની કલમ ૩ નો સુધારો.

**૩.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩ માં, "અથવા કપટયુક્ત સાધનો દ્વારા" એ શબ્દોને બદલે, "અથવા કપટયુક્ત સાધનો દ્વારા અથવા લગ્ન કરીને અથવા કોઇ વ્યક્તિના લગ્ન કરાવીને અથવા કોઇ વ્યક્તિને લગ્ન કરવામાં સહાય કરીને " એ શબ્દો મૂકવા.

સન ૨૦૦૩ના ગુજરાતના ૨૨ મા અધિનિયમમાં નવી કલમ ૩ક દાખલ કરવા બાબત.

**૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩ પછી, નીચેની કલમ દાખલ કરવીઃ-

ફરિયાદ દાખલ કરવા બાબત.

"**૩ક.** નારાજ થયેલ કોઇ વ્યક્તિ, તેના માતાપિતા, ભાઇ, બહેન અથવા લોહીના સગપણથી, લગ્ન અથવા દત્તક વિધાનથી સગપણ ધરાવતી કોઇ અન્ય વ્યક્તિ, આ અધિનિયમ હેઠળ કરેલા કોઇ ગુના માટે કોઇ વ્યક્તિ વિરૂધ્ધ, હકૂમત ધરાવતાં પોલીસ મથકમાં પ્રથમ માહિતી અહેવાલ (એફ. આઇ. આર.) દાખલ કરી શકશે.".

સન ૨૦૦૩ના ગુજરાતના ૨૨ મા અધિનિયમની કલમ ૪નો સુધારો.

**૫.** મુખ્ય અધિનિયમમાં, વિદ્યમાન કલમ ૪ને, તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલ પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવીઃ-

"(૨) આ અધિનિયમ હેઠળ કોઇ ગુનો કરવામાં આવ્યો હોય, ત્યારે જેનાથી ગુનો બનતો હોય તેવું કૃત્ય ખરેખર કરે તેવી કોઇ વ્યક્તિ ઉપરાંત નીચે પૈકીની દરેક વ્યક્તિએ ગુનો કરવામાં ભાગ લીધો હોવાનું ગણાશે અને જાણે કે તેણે ખરેખર સદરહુ ગુનો કર્યો હોય તેમ તેના પર આરોપ મૂકવામાં આવશેઃ-

(ક) ગુનો કરવા બીજી વ્યક્તિને સક્ષમ બનાવવા અથવા સહાય કરવાના હેતુ માટે, કોઇ કૃત્ય કરે અથવા કોઇ કાર્યલોપ કરે તેવી કોઇ વ્યક્તિ,

(ખ) ગુનો કરવા માટે બીજી વ્યક્તિને સહાય કરે, મદદગારી કરે, પરામર્શ કરે અથવા તેને સંમત કરે તેવી કોઇ વ્યક્તિ.".

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪ પછી, નીચેની કલમો દાખલ કરવી:- સન ૨૦૦૩ના ગુજરાતના ૨૨-મા અધિનિયમ માં નવી કલમો ૪ક થી ૪ગ દાખલ કરવા બાબત.

ગેરકાયદેસર ધર્મ- પરિવર્તન દ્વારા લગ્નના કિસ્સામાં કલમ ૩ની જોગવાઇઓના ઉલ્લંઘન માટે શિક્ષા .

"**૪ક.** કલમ ૪માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, લગ્ન કરીને અથવા કોઇ વ્યક્તિના લગ્ન કરાવીને અથવા કોઇ વ્યક્તિને લગ્ન કરવામાં મદદ કરીને કરાવાયેલા ધર્મપરિવર્તનને સંબંધિત હોય તેટલે સુધી, કલમ ૩ની જોગવાઇઓનું ઉલ્લંઘન કરે તે વ્યક્તિને, ત્રણ વર્ષથી ઓછી નહિ તેટલી પરંતુ પાંચ વર્ષ સુધીની કેદની શિક્ષા થશે અને તે બે લાખ રૂપિયા કરતાં ઓછો નહિ તેટલા દંડની શિક્ષાને પણ પાત્ર થશેઃ

પરંતુ આવું ઉલ્લંઘન સગીર, સ્ત્રી અથવા અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિના સંબંધમાં કરાયું હોય, તો આવી જોગવાઇઓનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિને, ચાર વર્ષથી ઓછી નહિ તેટલી પરંતુ સાત વર્ષ સુધીની કેદની શિક્ષા થશે અને તે ત્રણ લાખ રૂપિયા કરતાં ઓછો નહિ તેટલા દંડની શિક્ષાને પણ પાત્ર થશે.

ગેરકાયદેસર ધર્મપરિવર્તનથી લગ્ન બાબત.

**૪ખ.** એક ધર્મની વ્યક્તિ દ્વારા બીજા ધર્મની વ્યક્તિ સાથે લગ્ન પહેલાં અથવા લગ્ન પછી, તેનું/તેણીનું ધર્મપરિવર્તન કરીને, ગેરકાયદેસર ધર્મપરિવર્તનના હેતુ માટે કરવામાં આવેલું કોઇ લગ્ન, ફેમિલી કોર્ટ દ્વારા અથવા ફેમિલી કોર્ટની સ્થાપના કરવામાં ન આવી હોય, ત્યારે આવા કેસોની કાર્યવાહી ચલાવવાની હકૂમત ધરાવતી કોર્ટ દ્વારા રદબાતલ જાહેર કરવામાં આવશે.

સંસ્થા અથવા સંગઠને કરેલા ગુના.

**૪ગ.** (૧) કોઇ સંસ્થા અથવા સંગઠન, કલમ ૩ની જોગવાઇનું ઉલ્લંઘન કરે, તો ગુનો કરવામાં આવ્યો હોય તે સમયે આવી સંસ્થા અથવા સંગઠનનો હવાલો ધરાવતી હોય અથવા તેને જવાબદાર હોય તેવી દરેક વ્યક્તિને, ત્રણ વર્ષથી ઓછી નહિ તેટલી પરંતુ દસ વર્ષ સુધીની કેદની શિક્ષા થશે અને તે પાંચ લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષાને પણ પાત્ર થશે.

(૨) આવી સંસ્થા અથવા સંગઠન, રાજ્ય સરકાર દ્વારા અપાતી કોઇ ગ્રાન્ટ માટે હકદાર થશે નહિ." .

સન ૨૦૦૩ના ગુજરાતના ૨૨ મા અધિનિયમમાં નવી કલમ ૬ક દાખલ કરવા બાબત.

**૭.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૬ પછી, નીચેની કલમ દાખલ કરવી:-

સાબિતીનો બોજો.

"**૬ક.** કોઇ ધર્મપરિવર્તન, ગેરરજૂઆત, બળ, અનુચિત પ્રભાવ, બળજબરી, પ્રલોભન અથવા કોઇ કપટયુક્ત સાધનો અથવા લગ્ન દ્વારા કરવામાં આવ્યું ન હતું, તેની સાબિતીનો બોજો જેણે ધર્મપરિવર્તન કરાવ્યું હોય તે વ્યક્તિ ઉપર રહેશે અને આવું ધર્મપરિવર્તન કોઇ વ્યક્તિએ કોઇ કૃત્ય, કાર્યલોપ, સહાય, મદદગારી અથવા પરામર્શ કરીને બીજી વ્યક્તિ માટે સરળ બનાવ્યું હોય તો તે અંગેનો સાબિતીનો બોજો એવી બીજી વ્યક્તિ પર રહેશે.".

સન ૨૦૦૩ના ગુજરાતના ૨૨ મા અધિનિયમની કલમ ૭ બદલવા બાબત.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭ ને બદલે, નીચેની કલમ મૂકવી:-

ગુના પોલીસ અધિકારના અને બિન-જામીન-પાત્ર હોવા બાબત.

"૭. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળના ગુના, પોલીસ અધિકારના અને બિન જામીનપાત્ર રહેશે અને તેની તપાસ નાયબ પોલીસ અધીક્ષકથી ઉતરતા દરજ્જાના અધિકારી કરી શકશે નહિ.".

સન ૧૯૭૪નો ૨ જો.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩થી, પ્રલોભન, બળ અથવા ગેરરજૂઆત અથવા કોઇ બીજા કપટયુક્ત સાધનો મારફત કરાયેલા ધર્મપરિવર્તનની તજવીજ કરવા ધાર્યું છે. તેમ છતાં, સારી જીવનશૈલી, દૈવી કૃપાનો વાયદો કરીને અને ખોટા નામધારણથી ધર્મપરિવર્તનના બનાવો બનતા રહે છે. હાલમાં, ધર્મપરિવર્તનના હેતુ માટે સ્ત્રીઓને લગ્ન માટે લલચાવવાના બનાવો વધતા જાય છે.

વિધેયકની મહત્વની જોગવાઇઓ નીચે પ્રમાણે છેઃ

(૧) "સારી જીવનશૈલી, દૈવી કૃપા અથવા અન્યથા" એ શબ્દો દાખલ કરીને "લલચાવવું" ની વ્યાખ્યા સુધારવામાં આવી છે જેથી કરીને કોઇ વ્યક્તિને સારી જીવનશૈલીનો, દૈવી કૃપાનો અથવા અન્યથા વાયદો કરે તેવી વ્યક્તિને સદરહુ અધિનિયમની જોગવાઇઓ હેઠળ શિક્ષા કરી શકાય. "કપટયુક્ત સાધનો"ની વ્યાખ્યા પણ સુધારવા ધાર્યું છે. વિધેયકની કલમ ૨ થી તે માટે જોગવાઇ કરી છે.

(૨) લગ્ન કરીને અથવા કોઇ વ્યક્તિના લગ્ન કરાવીને અથવા કોઇ વ્યક્તિને લગ્ન કરવામાં મદદ કરીને કરાવાતા બળજબરીપૂર્વકના ધર્મપરિવર્તન પર પ્રતિબંધ મૂકવાનું પણ જરૂરી જણાયું છે. તદનુસાર સદરહુ અધિનિયમની કલમ ૩ સુધારવા ધાર્યું છે. વિધેયકની કલમ ૩ થી તે માટે જોગવાઇ કરી છે.

(૩) નવી કલમ ૩ક દાખલ કરવા ધાર્યું છે જેથી કરીને આ અધિનિયમ હેઠળ કરેલા કોઇ ગુના માટે કોઇ વ્યક્તિ વિરૂધ્ધ, નારાજ થયેલ વ્યક્તિ, તેના માતાપિતા, ભાઇ, બહેન અથવા લોહીના સગપણથી, લગ્ન અથવા દત્તક વિધાનથી સગપણ ધરાવતી કોઇ અન્ય વ્યક્તિ, હકૂમત ધરાવતાં પોલીસ મથકમાં પ્રથમ માહિતી અહેવાલ (એફ. આઇ. આર.) દાખલ કરી શકશે. વિધેયકની કલમ ૪ થી તે માટે જોગવાઇ કરી છે.

(૪) વિદ્યમાન કલમ ૪ સુધારવા ધાર્યું છે જેથી કરીને જેનાથી ગુનો બનતો હોય તેવું કૃત્ય ખરેખર કરે તેવી કોઇ વ્યક્તિ ઉપરાંત, તેમાં નિર્દિષ્ટ કરેલી તેવી અમુક વ્યક્તિઓએ ગુનો કરવામાં ભાગ લીધો છે એમ ગણાશે અને જાણે કે તેણે સદરહુ અધિનિયમ હેઠળ ખરેખર

સદરહુ ગુનો કર્યો હોય તેમ તેના પર આરોપ મૂકવામાં આવશે. વિધેયકની કલમ ૫ થી તે માટે જોગવાઇ કરી છે.

(૫) નવી કલમ ૪ક થી, લગ્ન કરીને અથવા કોઇ વ્યક્તિના લગ્ન કરાવીને અથવા કોઇ વ્યક્તિને લગ્ન કરવામાં મદદ કરીને ધર્મ પરિવર્તનના એકમાત્ર હેતુના સંબંધમાં કલમ ૩ની જોગવાઇઓના ઉલ્લંઘન માટે શિક્ષાની જોગવાઇ કરી છે. વિધેયકની કલમ ૬ થી તે માટે જોગવાઇ કરી છે.

(૬) ગેરકાયદેસર ધર્મપરિવર્તન દ્વારા લગ્ન, સંસ્થા અને સંગઠને કરેલા ગુના અને સાબિતીનો બોજો જેવી અમુક બીજી જોગવાઇઓ પણ દાખલ કરવા ધાર્યું છે.

(૭) સદરહુ અધિનિયમની વિદ્યમાન કલમ ૭ પણ બદલવા ધાર્યું છે, જેથી કરીને ગુનાને પોલીસ અધિકારના અને બિન-જામીનપાત્ર બનાવી શકાય અને તેનાથી આવા ગુનાની તપાસ નાયબ પોલીસ અધીક્ષકથી ઉતરતા દરજ્જાના હોય તેવા અધિકારી કરી શકે નહિ એવી જોગવાઇ કરી શકાય.

આ વિધેયકથી ઉપર્યુક્ત ઉદ્દેશ સિધ્ધ કરવા સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**પ્રદીપસિંહ જાડેજા,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઇ કરી છે:-

***કલમ ૧.-*** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૨૫મી માર્ચ, ૨૦૨૧.

**પ્રદીપસિંહ જાડેજા.**

## પુરવણી

## ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૩ના ગુજરાતના ૨૨ મા) માંથી ઉતારા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,- વ્યાખ્યા.

(ક) ''લલચાવવું" એટલે-

(૧) રોકડમાં અથવા વસ્તુરૂપે બક્ષિસ અથવા તોષણ;

(૨) નાણાકીય અથવા અન્યથા કોઇ મહત્વના લાભ આપવાના સ્વરૂપમાં કોઇ પ્રલોભન આપવું;

(ખ) અને (ગ) xxx xxx xxx

(ઘ) '' કપટયુકત સાધન " માં ગેરરજૂઆત અથવા બીજી કોઇ કપટી પ્રયુકિતનો સમાવેશ થાય છે;

(ચ) xxx xxx xxx

૩. કોઇપણ વ્યકિત, સીધી રીતે અથવા અન્યથા કોઇ વ્યકિતનું બળપૂર્વક અથવા લલચાવીને અથવા કપટયુકત સાધનો દ્વારા ધર્મપરિવર્તન કરાવી શકશે નહિ અથવા કરાવવાનો પ્રયત્ન કરી શકશે નહિ અથવા કોઇ વ્યકિતને આવું ધર્મપરિવર્તન કરવામાં મદદગારી કરી શકશે નહિ. બળપૂર્વક ધર્મપરિવર્તન કરાવવા ઉપર પ્રતિબંધ.

૪. કલમ ૩ની જોગવાઇઓનું ઉલ્લંઘન કરે તેવી કોઇ વ્યક્તિ, કોઇપણ દીવાની જવાબદારીને બાધ આવ્યા સિવાય, ત્રણ વર્ષની મુદત સુધીની કેદની અને પચાસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પણ પાત્ર થશેઃ કલમ ૩ની જોગવાઇઓના ઉલ્લંઘન માટે શિક્ષા.

પરંતુ કલમ ૩ની જોગવાઇઓનું ઉલ્લંઘન સગીર, સ્ત્રી અથવા અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યકિતના સંબંધમાં કરે તેવી કોઇ વ્યકિત, ચાર વર્ષની મુદત સુધીની કેદની અને એક લાખ રૂપિયા સુધીના દંડની પણ શિક્ષાને પાત્ર થશે.

૭. આ અધિનિયમ હેઠળનો ગુનો, પોલીસ અધિકારનો ગુનો ગણાશે અને પોલીસ ઇન્સ્પેકટરથી ઉતરતા દરજ્જાના હોય તેવા કોઇ અધિકારીથી તેની તપાસ કરી શકશે નહિ. ગુનો પોલીસ અધિકારનો ગણવા બાબત.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧૫.]

ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી પ્રદીપસિંહ જાડેજા,
ગૃહ રાજ્ય મંત્રીશ્રી]

(સન ૨૦૨૧ના માર્ચ મહિનાની ૨૫મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.